બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧.

Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

ડિસેમ્બર–૨૦૨૧
વર્ષ : જાન્યુઆરીથી ડિસેમ્બર
વર્ષ : ૫૮
વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦


:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




ડો. કે.ટી.ધોળકીયા
(વિખ્યાત ઓર્થો. સર્જન)



ગગનવિહારી મહેતા
(વ્યવસાય સાહસી-એમ્બેસેડર)




## ભક્તકવિ નરસિંહ મહેતાની હારમાળા જયંતી નિમિત્તે ભાવ વંદના



જયસુખલાલ હાથી
(રાજનીતિજ્ઞ-ભૂતપુર્વ ગર્વનર)



અવિનાશ વ્યાસ
(મૂર્ધન્ય કવિ)

ગઝલ...

શબ્દો બની કાગળ પર ઉતરૂં તો મજા છે
વિષય તારો, કલમમાં હું નિખરૂં તો મજા છે.
ખબર નથી લય જેવું ક્યાંક મળે કિતાબમાં
ગઝલ બની વિષયમાં નિતરૂં તો મજા છે.
દસ્તખત આંગળીયો વચ્ચે હેમખેમ રહયા,
કોરા કાગળમાં નામ આદરૂં તો મજા છે.
રોજ વાંચે, હૃદયની વાત એવું કો'ક ગમતીલું મળે,
જ્યાં હળવાફૂલ બનીને ખરૂં તો મજા છે.
ઓળખાય છે માણસ ચહેરા વાંચી દર્પણમાં,
કાંચના સપનાઓમાં વિખરૂં તો મજા છે.

—ભૂષિત શુક્લ, રાજકોટ.



તારક મહેતા
(ખ્યાતિ પ્રાપ્ત હાસ્ય લેખક)



વિનુ માંકડ
(જગ વિખ્યાત ક્રિકેટર)

# એક જ વાક્યમાં બે સરખા શબ્દો....

– જસમીન દેસાઈ,રાજકોટ.
મો.૯૪૨૮૩૪૯૮૧૨

આપણી ભાષામાં કેટલાય એવા શબ્દો છે કે જેના અલગ અલગ સંદર્ભમાં અલગ અલગ અર્થ થાય.આમ શબ્દ એક જ હોય છે.એવા શબ્દો નો એક જ વાકયમાં સુવાક્ય સ્વરૂપે અહીં પ્રયોજવામાં આવેલ છે...જેમ કે–

- જે પ્રભુ સાથે પ્રીત બાંધે એ જીવનમાં સુખ, શાંતિ, આનંદ બાંધે.
- પાછું વળીને આપેલું કદી પાછું ન લેવાય.
- ક્યારેક નાની બાબત પણ મોટી બાબતની ગરજ સારતી હોય છે,પરંતુ એ પૂરી થઈ જાય એટલે ઘણાને ગરજ સરી જાય.
- દરેક જીવાત્મામાં છેવટ રતીભાર તો રતિ હોય છે.
- વેપાર ધંધા નબળા પડે એટલે ખોટ જાય(?)
- આપણે કોઈથી ગમે એટલા અંતરે હોઈએ પરંતુ અંતરના અંતર દૂર હોવા ન જોઈએ.
- મોરપીછ હલકું છે,પરંતુ હલકું નથી એ તો શ્રીકૃષ્ણ ભગવાનના મુકુટમાં ઉચ્ચ સ્થાને બિરાજે છે.
- જૂઠું બોલવું એ જૂઠું ખાવા સમાન છે.
- સત્‌નું સત અમૂલ્ય–અનેરૂં હોય છે.
- વાત તો વાત જેવી હોય છે–ફેલાતાં વાર ન લાગે.
- જે બહેનનો વીર, વીર હોય તો એ બહેનને ગૌરવ થાય છે.
- આપણા ઘરમાં ઘણીવાર એવું કંઇક ઘર કરી જાય કે સઘળું બરબાદ કરી નાખે.
- દિન ઉગે દીનનું કલ્યાણ કરવું એ જીવનનું ધ્યેય હોવું જોઇએ.
- પ્રાર્થના કરો કે હરિ આપણા દુઃખ હરી લે.
- તિથિમાં ઘોખો ભલે હોય,આપણે કોઇનો ઘોખો કરવો નહી.

---

## પરિવાર એટલે શું?

સમાજ વ્યવસ્થાનું પ્રથમ સોપાન એટલે પરિવાર. સુંદર અને સમજુ પરિવારમાં એકબીજા પ્રત્યે આદર,સન્માન અને લાગણીસભર વર્તાવ હોય છે, જેને કારણે આનંદમય વાતાવરણમાં સુખમય રીતે સમય પસાર થાય છે.એકબીજાને મદદરૂપ થવું સુખ દુઃખમાં સાથે રહેવું,મારૂં નહી પણ આપણું ગણવું, આદર આપવો તથા સ્વ સાથે સમાધાન કરી બીજા માટે કશુંક કરવાની ભાવના રાખવાથી સુખી પરિવારનું સર્જન થાય છે.

પરિવાર એટલે શું? તે પ્રશ્નનો જવાબ નીચેના વાક્યો માંથી મળી શકશે.

–પરિવારમાં બંધારણ ના હોય પણ વ્યવસ્થા હોય.
–પરિવારમાં સૂચન ના હોય પણ સમજણ હોય.
–પરિવારમાં શાસન ના હોય પણ અનુશાસન હોય.
–પરિવારમાં ભય ના હોય પણ ભરોસો હોય.
–પરિવારમાં શોષણ ના હોય પણ પોષણ હોય.
–પરિવારમાં આગ્રહ ના હોય પણ આદર હોય.
–પરિવારમાં સંપર્ક ના હોય પણ સબંધ હોય.

સંકલન : જે.ટી.બક્ષી,રાજકોટ.



## ડો. કેશા વસાવડાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

ડો. કેશા (શ્રી ગૌરાંગ અને શ્રીમતી નંદિની વસાવડાનાં પુત્રી)એ ભાવનગર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૯માં લેવાયેલ માસ્ટર ઓફ ડેન્ટલ સર્જરીની પરીક્ષામાં ૭૯% સાથે ઉત્તીર્ણ થઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. ચિ. કેશા સ્વ. ભાસ્કરરાય અને સ્વ.હેમલતાબેનનાં પૌત્રી તેમજ સ્વ. અરવિંદભાઈ અને સ્વ.હેમલતાબેન અંજારિયાનાં દોહિત્રી થાય.

## શ્રીમતી નીતિ બૂચનાં પેઇન્ટીગનું પ્રદર્શન યોજાયું



અમદાવાદનાં શ્રીમતી નીતિ પલ્લિન બૂચનાં પેઈન્ટીગનું પ્રદર્શન તા. ૨૧થી ૨૪ ઓક્ટોબરના રોજ પ્રતિષ્ઠીત હઠીસીગ આર્ટ ગેલેરી ખાતે યોજાય ગયું.ઘણી જાણીતી અને પ્રતિષ્ઠીત વ્યક્તિઓએ આ પ્રદર્શનીની મુલાકાત લઈ નીતિ બૂચના પેઈન્ટીગની ખાસ નોંધ લઈ કદર કરવામાં આવી હતી.નોંધપાત્ર છે કે શ્રીમતી નીતિ સાયન્સમાં માસ્ટર ડીગ્રી ધરાવે છે અને કોમ્પ્યુટર પ્રોગ્રામર છે તેની સાથે પેઈન્ટીગ તેમનો શોખ સાથે વ્યવસાય પણ છે.

## અ.ભા.નાગર પરિષદની કારોબારીની નવરચના


અખિલ ભારતીય નાગર પરિષદ મધ્યસ્થના નવનિયુક્ત રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. જલ્પેશભાઇ મહેતાનો સન્માન સમારોહ તા.૧૧/૧૧ના રોજ યોજાય ગયો.જેમાં પરિષદના રાષ્ટ્રીય પ્રભારી શ્રી વિરેશભાઇ મહેતા,રાષ્ટ્રીય સંગઠનના અધ્યક્ષ શ્રીમતી જલ્પાબેન દેસાઈ,મહામંત્રી શ્રીમતી તન્વીબેન જહા,સહમંત્રી ગૌરાંગભાઇ વોરા, મહિલા પાંખના મંત્રી શ્રીમતી મિમાંસાબેન ભટ્ટ,કોષાધ્યક્ષ શ્રી પરેશભાઇ વૈષ્ણવ ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમમાં નવી કારોબારીનું ગઠન કરવામાં આવ્યું. જ્ઞાતિમાં ઐક્ય સાધવાના ઉદ્દેશને વેગ આપવા દરેક વિભાગને પ્રતિનિધીત્વ આપવામાં આવ્યું. જ્ઞાતિકાર્યોમાં સક્રીય રસ ધરાવતા કાર્યશીલ શ્રી મનીષભાઇ કિકાણીની પ્રમુખ તરીકે જ્યારે બીજા પ્રમુખ તરીકે અલ્પાબેન ભટ્ટની વરણી કરવામાં આવી. નવી કારોબારી ની રચનામાં પરિંદભાઇ દેસાઈ/ચેતનભાઇ પંડયા– ઉપપ્રમુખ, અમિતભાઇ મહેતા– મંત્રી, કેતનભાઇ મુન્શી–ખજાનચી, પ્રશાંતભાઇ માંકડ–સહમંત્રી, વિશ્વજીતભાઇ પંડયા/કર્પુરભાઇ મજમુદાર– જનસંપર્ક અધિકારી,શ્રીમતી જિગીશાબેન મહેતા–મીડિયા સંયોજક તરીકે વરણી કરવામાં આવી.અભિનંદન.

## શ્રીમતી ગ્રીષ્મા ધોળકિયા–બુચ લિખિત પુસ્તક પ્રકાશિત થયું

મુળ વડોદરાના હાલ ઓસ્ટ્રેલિયા(મેલબોર્ન)સ્થિત ગ્રીષ્મા રચિત ધોળકિયા–બુચ,લિખિત ફિઝીકસ વિષય ઉપરનું રસપ્રદ પુસ્તક Learn 'Physics with Tim & Kim' તાજેતરમાં પ્રકાશિત થયું. આ પુસ્તકમાં ૮થી ૧૩ વર્ષની વયના બાળકોને ધ્યાનમાં રાખી ફિઝીકસના સિધ્ધાંતો સરળ ભાષામાં વાર્તાના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યા છે. જો કે ફિઝીકસમાં રસ ધરાવતા સૌ કોઇને રસપ્રદ બની રહે તેમ દરેક સિધ્ધાંતોની સમજ આપવામાં આવી છે.બેન ગ્રીષ્મા એમએસ.સી.(ન્યુકલીયર ફિઝીકસ)ની પદવી ધરાવે છે.મેલબોર્ન ખાતે આઇ.ટી. કંપનીમાં પ્રોફેશનલ તરીકે કાર્યરત છે.બાળપણથી વિજ્ઞાન વિષયમાં વિશેષ ૠચી રહી છે,સાથે સાથે સર્જનાત્મક અને કલાત્મક પ્રવૃત્તિઓમાં પણ અભિરૂચી હોવાથી ફિઝીકસના સિધ્ધાંતોને દર્શાવતાં ચિત્રો પોતે તૈયાર કરી પુસ્તકને કલાત્મક બનાવ્યું છે.આ પુસ્તક એમઝોન તથા ભારત માટે 'નોશન પ્રેસ'સાઇટ દ્વારા ઓનલાઇન ઓર્ડર માટે ઉપલબ્ધ છે.

## તરણમાં ડો.જગદીપ અંતાણીને નામે ફરી પદકો



રાજકોટના જાણીતા તબીબ અને તરણવીર ડો.જયદીપ અંતાણીએ ફરી એકવાર તરણ(સ્વિમીગ)માં પોતાનું કૌવત પૂરવાર કર્યુ.તા.૨૬થી ૨૮ નવેમ્બર દરમ્યાન મેંગલોર ખાતે સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત તરણ સ્પર્ધામાં તેઓએ ભાગ લઈ ૭૫થી ૭૯ વય જૂથમાં વ્યક્તિગત ઈવેન્ટસમાં કુલ ચાર રજત ચંદ્રક તથા ટીમ ઈવેન્ટ્માં એક કાંસ્ય ચંદ્રક મેળવી,સૌને માટે પ્રેરક ઉદાહરણ પૂરૂં પાડી ફરી એકવાર જ્ઞાતિને ગૌરવ અપાવ્યું. નોંધપાત્ર છે કે અત્યાર સુધી ડો. અંતાણીએ રાજ્ય તથા રાષ્ટ્રિય કક્ષાએ ૫૪ પારિતોષીકો મેળવ્યાં છે.

## ભાવનગર જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા વિવિધ આયોજન

શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના શતાબ્દી વર્ષની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત તા. ૩૦/૧૦/૨૧ના રોજ સાંજે ૫:૩૦ કલાકે શ્રી શિવશક્તિ હોલ ખાતે ગુજરાત હાઈકોર્ટના મા.ન્યાયમૂર્તિ શ્રી નિર્ઝરભાઇ સુશીલકુમાર દેસાઈને શ્રી આશિષભાઇ ધનંજયભાઇ ઓઝા–પ્રિન્સીપલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ મોરબી–ના પ્રમુખસ્થાને સન્માનિત કરવામાં આવ્યા.આ પ્રસંગે શ્રી હરિનાગરનિવાસ અંગે તૈયાર કરવામાં આવેલ દ્રષ્યશ્રાવ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં માનનીય મહેમાનશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓના હસ્તે દીપ પ્રાગટય બાદ અનુષા મહેતા દ્વારા પ્રાર્થના બાદ મહેમાનોનો પરિચય નિરવ મહેતાએ આપેલ અને દધિચીભાઇ મહેતાએ શ્રી નિર્ઝરભાઇ ને તથા ધર્મેન્દ્રભાઇ મહેતાએ શ્રી આશિષભાઇનું પુસ્તક તથા સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત /સન્માન કર્યું હતું.સંસ્થાના ટ્રસ્ટી શ્રી જાગૃતભાઇ દેસાઇએ શાબ્દિક પ્રવચન દ્વારા સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમમાં શ્રી નિર્ઝરભાઇ દેસાઇએ પોતાના પ્રતિભાવમાં સંયુકત કુટુંબ પ્રથા પર ભાર મૂકતાં જણાવ્યું કે વડીલોની દેખરેખ નીચે બાળકોને સારા સંસ્કાર,શિક્ષણ,માન સન્માન જાળવવાની કેળવણી મળી રહે છે,જ્યારે આશિષભાઇ ઓઝાએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે આજે ન્યાયાધીશ બનવું ઘણુ કઠીન છે.ઘણી ખટપટ અને રાજકારણીય દખલગીરી પણ ભાગ ભજવતું હોય છે.

કાર્યક્રમના અંતે ટ્રસ્ટી શ્રી જ્વલંતભાઇ દેસાઇએ આભારદર્શન કર્યું હતું..અંતમાં ઘણા સમય બાદ સૌએ સાથે મળીને ઊંધિયું,શીરો પુરી જલેબી ને મીકસ ભજિયાનો આસ્વાદ માણી છૂટા પડયા હતા.

શ્રી ભાવનગર નાગર જીમખાનાના ઉપક્રમે 'દિપોત્સવ–૨૦૨૧'અંતર્ગત તા.૨/૧૧/૨૧ ધનતેરસ ની સાંજે શ્રી ઝવેરચંદ મેઘાણી સભાગૃહ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ,રાસગરબા,ગીત,નાટક વગેરે સાથેના રંગારંગ કાર્યક્રમનું આયોજન થઈ ગયું. તેમજ તા.૫/૧૧ના રોજ શ્રી હરિનાગર નિવાસ ખાતે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું.ઘણા સમય બાદ યોજાય રહેલ બન્ને કાર્યક્રમોમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહયા હતાં.

<u>સગપણ–સગાઈ</u> : વલસાડ સ્થિત ડો. કિરણભાઇ તથા શ્રીમતી ઝંખનાબેન વસાવડાનાં પુત્રી શુભાનું સગપણ શ્રી બિપિનભાઇ તથા હેમાબેન બુચના પુત્ર કુંતલ સાથે.

- રાજકોટ : શ્રી કચ્છ નાગર મંડળ વડોદરા આયોજીત વર્ચ્યુઅલ ઓપન બેઠા ગરબા સ્પર્ધા યોજાય ગઇ જેમાં કુલ ૪૧ વૃંદોએ ભાગ લીધો હતો જેમાંથી કચ્છ નાગર સખીમંડળ રાજકોટ તૃતીય સ્થાને વિજેતા જાહેર થયેલ. શ્રીમતી પલ્લવીબેન અંજારિયાના સહકારથી અને જાણીતા ગાયિકા શ્રીમતી નીધિબેન ધોળકિયા–પોટાના માર્ગદર્શન નીચે મુખ્ય ગાયિકા શ્રીમતી સિદ્ધિબેન વોરા તથા કોરસમાં શ્રીમતી એશાબેન અંજારિયા,ધ્રુવાબેન અંજારિયા,ધૈર્યાબેન ઓઝા,ઉષ્માબેન વોરા,જીજ્ઞાસાબેન વોરા,દીપાબેન બુચે ગરબાની રમઝટ બોલાવી હતી. હર્ષલ માંકડે કીબોર્ડ તથા વિરંચી બુચે ઢોલ દ્વારા વાદ્યવૃંદમાં સંગત કરી હતી. આ ઉપરાંત કચ્છ નાગર પરિવાર અમદાવાદ દ્વારા આયોજીત બેઠા ગરબા કાર્યક્રમમાં પણ ભાગ આ વૃંદે ભાગ લીધો હતો.શ્રાવણ માસમાં યોજાયેલ વર્ચ્યુઅલ મહીમનમાં પણ શ્રી કચ્છ નાગર સખીમંડળે ભાગ લીધો હતો.
- ડો.સ્પૃહા વર્ષિત હાથી–ધોળકિયા લાઈફ સંસ્થા સંચાલિત 'રાજકોટ વોલન્ટરી બ્લડ બેંક'માં ડેપ્યુટી મેડીકલ ડાયરેકટર તરીકે નિયુક્ત થયાં.
- ફૂલછાબ દૈનિકના કોલમિસ્ટ–લેખક શ્રી ભરતભાઇ અંજારીયાએ અત્રેની સંસ્કૃતિ આર્ય ગુરૂકુલમ્ આયોજીત નિબંધ સ્પર્ધામાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યુ.
- જૂનાગઢ : શ્રી રાજેન જયેન્દ્રભાઇ કચ્છીને ૫૦ વર્ષની ઉત્કૃષ્ઠ વોલીબોલ રમતને બિરદાવતાં આ વર્ષથી શરૂ કરાયેલ સ્વ.ઉજજવલ (મકી)ખારોડ 'જ્ઞાતિ વીર પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો.
- મોરબી : શ્રી કુશ અંતાણીએ તેમની પુત્રીના જન્મદિવસ નિમિત્તે ૨૫મી વાર રક્તદાન કરી જન્મદિનને યાદગાર બનાવ્યો.
- અમદાવાદ : અત્રેના કિર્તન કચ્છી અને શ્રીમતી પરિત્રી કચ્છીએ સ્વાદ શોખીનોના જાણીતા 'પાંડેજી ફૂડ્ઝ'ના પાર્સલ પોંઈટનો (સમાન કોમ્પલેક્ષ,નાલંદા કોમ્પલેક્ષ સામે,માનસી ક્રોસ રોડ ખાતે)શ્રી ભવેન કચ્છીના હસ્તે ઉદ્ઘાટન દ્વારા શુભ પ્રારંભ કર્યો.
- <u>લગ્ન માંગલ્ય:</u>
- રાજકોટનાં અર્ચિતા અને વિશ્વેશ ઘનશ્યામભાઇ વૈશ્નવનાં પુત્રી ખેવનાનાં લગ્ન રાજકોટ સ્થિત હેમાક્ષી અને હિમાંશુ જમિયતરાય રાણાના પુત્ર મૈત્રેય સાથે.
- અમદાવાદ સ્થિત શ્રી ત્રિલોચન અને શ્રીમતી પૂર્ણિમા ધોળકિયાનાં પુત્રી ફોરમના લગ્ન વલ્લભવિદ્યાનગર સ્થિત શ્રી કેતનભાઇ અને શ્રીમતી પ્રણોતીબેન મજમુદારના પુત્ર જલ્વિન સાથે.

---

મો સૂઝણું સૂરજથી સવાયું છે વાવમાં
વહેતું ઝરણું સમુ નથી રળિયામણું છતાં
પાણી યુગોથી રોજ પૂજાયું છે વાવમાં
સિંદૂર તિલક ને દીપના ચિન્હોની ચોતરફ,
શ્રદ્ધાનું નમણુ શિલ્પ રચાયું છે વાવમાં
ઓ રક્તના નિશાન,મને આટલું કહો,
આવી અહીં આ કોણ ઘવાયું છે વાવમાં?
છેવટે એ ચૂપ થઈ ગયો જર્જર દિવાલમાં
ઈતિહાસથી ના કંઇ કળાયું છે વાવમાં
વહેલી સવારે ખીલતી કળીઓના હોઠ પર
ઝાકળનું રમ્ય સ્મિત ઝિલાયું છે વાવમાં
ભટકી રહયો છું આજ હું એની તલાશમાં
બચપણનું એક ગીત ગુમાયું છે વાવમાં.

–પ્રભાકર ધોળકીયા,સુરત.
મો.૯૯૨૫૯૩૭૩૫૬

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :

રાજકોટનાં સૌ.સુરેખાબેન કિરીટભાઇ ધોળકિયાના પત્નીનું તા.૬/૧૨ના રોજ દેહાવસાન થયું. મેળો હોય કે જ્ઞાતિનો મેળાવડો,દર્શન હોય કે પ્રદર્શન કે કોઈ પણ સારા માઠા પ્રસંગમાં કિરીટભાઇ અને સુરેખાબેન દંપતીની હાજરી અચૂક હોય જ. નિર્મળ,નિર્મોહી,સંતોષી દંપતીની ઉદાહરણરૂપ એક આદર્શ જોડી ખંડીત થઇ. ડો. કિરીટભાઇ માનવતાવાદી તબીબ તરીકે જાણીતા અને આદરપાત્ર છે જ. ઘણા ઓછા ડોકટર હવે વિઝીટમાં આવે છે ત્યારે કોઈ જાણ કરે તો તેઓ ગમે ત્યારે હાજર થઇ જાય. કોરોનાના કપરા કાળમાં પણ પ્રેકટીસ અને વિઝીટ ચાલુ રાખી દર્દીઓ માટે ઈશ્વરના દૂત બની રહયા હતા.પરંતુ આજીવન અથાક સાથ આપનાર જીવનસંગિની સુરેખાબેનના યોગદાન પણ મૂલ્યવાન રહેલ. પ્રેમાળ,સહજ અને મિલનસાર સ્વભાવનાં સુરેખાબેને સંયુકત ધોળકિયા પરિવારથી એક પુત્રીના સંસાર સુધીની દરેક સામાજીક અને કુટુંબની જવાબદારી જીવનપર્યંત હસતા મુખે અદા કરી જાણી ને સાચા અર્થમાં સહધર્મચારિણી બની રહયાં હતાં. આવા આત્માને શાંતિ જ હોય..ૐ અસ્તુ!


જામનગર : કૌશલ્યાબેન પ્રહલાદરાય પોટા–૮૬ વર્ષ.મહેસાણા : પન્નાબેન હરેશભાઇ માંકડ.

અમદાવાદ : સુમનબેન ઈન્દુપ્રસાદ જોષીપુરા – ૯૬ વર્ષ,ગં.સ્વ.ભદ્રાબેન ભરતભાઇ મંકોડી,હરેશભાઇ બાલુભાઇ વસાવડા,દીપકભાઇ મધુસુદનભાઇ ધોળકિયા,હરેશભાઇ બાલુભાઇ વસાવડા

### સ્વ.અજીતરાય કુસુમરાય વસાવડા

જન્મ:૮–૧૨–૧૯૨૨ સ્વર્ગવાસ:૧૨–૧૨–૨૨

સરી ગયો સમય આપની સ્મૃતિને સંભાળતાં
વિતી ગયું વર્ષ આપની યાદોને વાગોળતાં.
જીવન જીવી ગયા પ્રસરાવી સુવાસ સત્કાર્યો તણી



પાર કરી ગયા ભવસાગર,
પામ્યા પ્રીતિ પ્રભુતામાં તણી.
થયા છો દેહથી વિમુખ,
હૃદયથી તો રહેશો સદા સન્મુખ.
સ્મૃતિ આપની સદૈવ અમ હૃદયમાં,
આપણા અમારા પથદર્શક.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્યાત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી નત મસ્તક પ્રાર્થના.

શ્રીમતી સરલાબેન અજીતરાય વસાવડા પરિવાર
(આઈ.એન.એસ.વાલસુરા)

વડોદરા : ડો.ઉમાબેન હર્ષદભાઇ વૈશ્નવ કૌશિકરાય કાંતીલાલ બક્ષી,અરૂણાબેન અશ્વિન ભાઇ કચ્છી, વર્ષાબેન હરીશભાઇ મંકોડી–૭૧ વર્ષ, ગં. સ્વ. વત્સલાબેન હર્ષદરાય અંજારીયા–૮૦ વર્ષ,ચિરંતનભાઇ ઘનશ્યામરાય જોષીપુરા.

જૂનાગઢ : નૈષધભાઇ લખીરામભાઇ બક્ષી–૮૬ વર્ષ,પ્રેમરાય દિનકરરાય દેસાઈ–૯૨ વર્ષ, ગં.સ્વ. ભારતીબેન જનાર્દનભાઇ દેસાઈ– ૮૪ વર્ષ, કૌશલ્યાબેન જયેન્દ્રભાઇ નાણાવટી, હરકાંતભાઇ પુરૂષોતમ રાય માંકડ– ૭૮ વર્ષ, કામાક્ષીબેન ઉદયભાઇ ખારોડ, રસેન્દુભાઇ હર્ષદભાઇ જોષીપુરા–૭૭ વર્ષ, વિપીનચંદ્ર અજીતરાય છાયા,દિવ્યકાંતભાઇ ચીમનલાલ નાણાવટી, ચિરંતનભાઇ ઘનશ્યામભાઇ જોષીપુરા.જૂનાગઢનાં ડો.કલ્પનાબેન અશ્વિનભાઇ નાણાવટી તથા ભગવતીચ્છાબેન પ્રવીણરાય નાણાવટી–૯૬ વર્ષની વયે અમેરિકા ખાતે અવસાન.

## સિનિયર સીટીઝન તો...

(રાગ : વૈષ્ણવજન...)
સિનિયર સીટીઝન તો તેને રે કહીએ,
જે પીડ પોતાની જાણે રે.
સ્વદુ:ખે ઉપચાર કરે તોયે,
તન અશક્તિમાન રહે રે.
સકળ લોકના ઈશ્વરને વંદે,
નિંદા ન કરે કેની રે.
પૂછ તાછ મન ચંચલ રાખે,
ગડ બડ મનની તેની રે.
સમબુદ્ધિ ને તૃષ્ણા ભોગી,
ઈસ્ત્રી જેને ન કપડે રે.
જિહ્વા થકી ચર્ચા ચાલે,
પરજનને ન છોડે હાથ રે.
હાયવોય છૂટે નહિ જેને,
દ્રઢ આસક્તિ જેના મનમાં રે.
કામબામની ન ચાવી રે લાગે,
વ્યાકુળ વિતક તેના મનમાં રે.
વણમોભી ને વિકટ સ્થિત છે,
નામ ઠામ પરવાર્યા રે.
ગણગણે સિનિયર સટીઝનો,
ભૂતકાળ કેવા ગાળ્યા રે !

દીપક બુચ–અમદાવાદ.
મો. ૯૪૨૭૬૧૬૫૧૧

## લગ્ન વિષયક જાહેરાત :

૧) બી.ઈ.,૨૪ વર્ષ, હળવો મંગળ ધરાવતી કન્યાને યોગ્ય યુવક. સંપર્ક૯૯૯૮૯૮૨૮૯૪

૨) એમએસ.સી.,એમ.એડ્.,  જ. ૧૧/ ૧૯૮૬,ઉ.૫'.૩" ભુજ ખાતે સરકારી સ્કૂલમાં કાયમી સરકારી નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક:૯૪૨૮૮૧૮૯૦૪

૩) બીસીએ.,એમસીએ.જ.૨/૧૯૯૦ ફ્રીલાન્સ વેબ ડેવલોપર –ડીઝાઇનર તરીકે કાર્યરત કન્યાને યુવક. સંપર્ક : ૯૮૭૯૭૯૭૫૯૦

૪) ૪૭ વર્ષ,એમ. એસસી.,બી.એડ., પત્રકાર અને એડવોકેટ, સંસ્કારી કુટુંબ વત્સલ યુવતીને યોગ્ય જીવનસાથી. વિભાગ/આવક બાધ નથી. મો.૯૪૨૭૨૧૩૩૮૨

૫) બીસીએ.,પીજીડીબીએમ.(ચાલુ) જ. ૧૯૯૬,ઉ.૫'.૬" ઈન્વેસ્ટમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે સ્વતંત્ર વ્યવસાયમાં સારી આવક ધરાવતા યુવકને કન્યા.સંપર્ક:૯૮૨૪૨૫૪૭૯૩

૬) એમ.કોમ.,ઈન્ટર સી.એ.,જ.૧૦/૧૯૯૪,ઉ. ૫'.૬" મુથુટ ફાઈનાન્સમાં નોકરી કરતા યુવકને કન્યા.સંપર્ક : ૯૪૨૮૪૪૧૦૭૮

૭) બી.કોમ.,ડીપ્લોમા એક્સપોર્ટ ઈમ્પોર્ટ, જ.૧૧/૧૯૯૦ વડોદરા ખાતે પ્રા.લી.કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા.સંપર્ક:૯૯૭૪૭૩૭૯૯૬

૮) બી.ટેક.,એન્વા.એન્જીનીયર,જ.૮/૧૯૯૧,ઉ.૫'.૧૧" લીમીટેડ કંપનીમાં ડેપ્યુટી મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક:૯૪૨૭૩૪૭૪૦૮

**લવાજમ અંગે :** કલમ કડછી બરછીની એડ્રેસ સ્લીપમાં ગ્રાહક નંબર સાથે 12/2021 પ્રિન્ટ થયેલું હોય તો આપનું લવાજમ આ માસમાં પૂરું થાય છે.ઓગસ્ટથી જૂલાઇ ભર્યું હોય તો હાલમાં ભરવાનું નથી થતું.હવે પ્રતિનિધીઓની સેવાઓ નથી ત્યારે આપ ઓનલાઈન,છેલ્લે પાને આપેલ બેંક એકાઉન્ટમાં કે ત્યાં જ સાથે આપેલ QR CODEની મદદથી કોઈપણ એપ.દ્વારા સરળતાથી ભરી શકશો.લવાજમ ભર્યા બાદ સ્લીપમાં આવતાં નામ/ગ્રાહક નંબર (આ અંકમાં જોઈ લેશો) અને ફોન,મેસેજ કે વોટસએપથી અમને અચૂક જાણ કરશો.SMS સુવિધા ફરી શરૂ થઈ જતાં લવાજમ રીન્યુ/નવું ઉમેરતાં આપે લીસ્ટમાં નોંધાયેલ મોબાઇલમાં પહોંચનો SMS મળી જશે.આપ સૌનો અવિરત મળી રહેલ સાથ સહકાર જારી રહેશે તેવા વિશ્વાસ સાથે. આભાર.–તંત્રી

# આજથી ૬૦૦ વર્ષ જુના મા આશાપુરાના મઢનો ઈતિહાસ

— પરેશ અંતાણી,રાજકોટ

આપણા દેશ ભારતમાં ઘણા મંદિરો આવેલા છે. દરેક મંદિરોનો મહિમા જુદો જુદો જ હોય છે.દરેક મંદિરો ભક્તોની આસ્થાનું પ્રતીક બની રહયા છે,ત્યારે આપણા દેશમાં દેવીઓના મંદિરોની તો અનોખી જ મહિમા અને ચમત્કારો છે...આજે વાત કરીએ માતાના મઢની....

કચ્છની રાજધાની ભૂજથી લગભગ ૮૦ કિલોમીટર દૂર આવેલ આ માતાનો મઢ એટલે આશા પુરી કરનાર માતા આશાપુરાનું મંદિર.જે કચ્છ ઉપરાંત દેશ વિદેશમાં તેના ચમત્કારોથી આસ્થાનું પ્રતિક બની ગયું છે. લગભગ ચૌદમી સદીના આરંભમાં અહીંયા લાખા ફુલાનીના પિતાજીના રાજમાં બે વાણિયા મંત્રી હતા અજો અને અનો.

આ કરાડ વાણિયાઓએ આ મંદિર બંધાવ્યું હતું. જે એ પછી ૧૮ મી સદીમાં આવેલ ભૂકંપના આખા મંદિર નો નાશ થયો.ત્યારબાદ સમય જતાં અહીંયા વલ્લભાજીએ મંદિર બંધાવ્યું જે બ્રહ્મક્ષત્રિય હતા. આ મંદિર અઠાવન ફૂટ લાંબુ,બત્રીસ ફૂટ પહોળું અને લગભગ બાવન ફૂટ ઊંચુ છે. આ મંદિર ફરી એકવાર ૨૦૦૧માં જે ભૂકંપ આવ્યો એમાં આખા મંદિરને મોટું નુકશાન થયુ.મંદિરનો ગુંબજ તૂટી ગયો હતો. પરંતુ ફરી આ મંદિરને ભવ્ય મંદિર બનાવી દેવામાં આવ્યું.આમ સમયે સમયે મંદિરને નુકશાન થયું પણ સમયે સમયે માતા આશાપુરા દેવીની કૃપાથી તેના ભક્તો એ આ મંદિરને વિશાળ બનાવતા ગયા.આજે આ મંદિર વિશાળ પટાંગણમાં ઉભું છે. જેની મૂર્તિ જ છ ફુટ લાંબી અને પહોળી છે. આ મૂર્તિ સ્વયંભૂ મૂર્તિ છે. અને આખી મૂર્તિ લાલ રંગની છે. એવું કહેવાય છે કે અહી એકવાર કચ્છના ક્રોમવેલના જમાદારને પણ માતાના ચમત્કારનો પરચો મળ્યો હતો. એ જાતે મુસ્લિમ હતા છતાં માતાને ખૂબ માને છે. તેમણે માં આશાપુરાના મંદિરના પૂજારીને પણ રાજા જેટલુ જ સન્માન મળે છે. તેમણે પૂજારી થી નહી પણ રાજાબાવાનું માન સન્માન કરવું પડે છે.રાજાબાવા એમના સિંહાસન પર બેસે. અને કચ્છના રાજા એમની સામે નીચે જમીન પર બેસતા હતા એટલે આ મંદિરના પૂજારીને પણ ખૂબ જ માન સન્માન આપવામાં આવે છે. માં આશાપુરા કચ્છ અને જામનગરના જાડેજા કુળના કુળદેવી છે. દર આસો માસની નવરાત્રીમાં માતાના મઢે ચાલીને લાખો લોકો માતાના દર્શન કરવા માટે પદયાત્રા કરે છે. માતાના મઢના રસ્તા પર આ પદયાત્રીઓની સેવા કરવા માટે આખા રસ્તે ધીર ધીર કેમ્પ લગાવવામાં આવે છે. છેક સૂરજબારીથી માતાના મઢ સુધીમાં હજારો કેમ્પ પદયાત્રીઓ અને ભકતની સેવા માટે રાતોરાત ઉભા થઈ જાય છે. જેમાં જમવાની સગવડતા, ન્હાવાની સગવડતા, મેડીકલ કેમ્પ અને બીજી નાની મોટી સેવાઓ તો ખરી જ.

નવરાત્રીમાં માતાના મઢમાં આશાપુરાના દર્શન કરવા માટે લાખો શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે. આ ગામના પાદરથી લઈને મંદિર સુધી દર્શનાર્થીઓની લાઈનો જોવા મળે છે.માતાજીને પ્રસાદ તરીકે ચડાવવામાં આવતા નાળિયેરના છોતરાં આખા રસ્તા પર પથરાઈ જાય છે તમે એક નજરે જોતા એવું જ લાગે કે નાળિયેરના છોતરાનો જ રસ્તો બન્યો છે. લાખો લોકો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. અને આઠમના દિવસે કચ્છના રાજા આજે પણ ત્યાં યજ્ઞ કરે છે. હાલ પણ એમના વંશજો આઠમના દિવસે માતાના મઢે આવીને માતા આશાપુરાના ભવ્ય યજ્ઞનું આયોજન કરી માતાની આરતીમાં સામેલ રહીને જાતર ચડાવે છે.

## નરસિંહ મહેતા એક અધ્યયન —મનહરભાઈ વૈશ્નવ,રાજકોટ.

સપ્ટેમ્બરના અંકમાં ભક્ત કવિ નરસિંહ મહેતાની તમામ રચના,હસ્તપ્રત તથા ભાષા તેમની રાગ રાગિણીની ઉચ્ચ કક્ષા વિશે વાત/ચર્ચા કરી આ અંકમાં આગળ..હવે છેલ્લો અને અગત્યનો મુદ્દો નરસિંહ



મહેતાની વિદ્વત્તાને વિશ્વ સમક્ષ મૂકવામાં જ્ઞાતિનો ફાળો 'મુકં કરોતિ વાચાલં,પંગુ લઘયેતિ ગીરીમ્'ની ઉક્તિ મુજબ જ્યાં ઈશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા હોય,ઈશ્વરનો જેના ઉપર હાથ અને હૈયું હોય તેનામાં કોઈ ગુરૂ કે શિક્ષણના આધાર વિના જ્ઞાનની ગંગોત્રી વહેવા લાગે છે. નરસિંહની બાબતમાં પણ આ ઉક્તિ સાધ્ય બને છે. પરિણામે તે આદ્યકવિનું બિરૂદ પામ્યા.ઈશ્વરના અસ્તિત્વનો તો અનાદર કોઈ ન કરી શકે,પરંતુ નરસિંહ મહેતાના જીવનમાં દરેક કટોકટીની પળે તેનો સાક્ષાત્કાર થયો છે. હવે ઘણાની માન્યતા પ્રમાણે ઈશ્વરી પ્રેરણાથી જે લોકો સક્ષમ હતા તેના તરફથી નરસિંહની ભક્તિ અને સ્થિતપ્રજ્ઞતાને જોઈને તેમને તમામ પ્રકારની સહાય મળતી રહી હશે. આમ પણ નરસિંહની સહાયતા માટે ઈશ્વર શેઠ—વાણોતરના સંબંધે જ આવતા તેવું કહેવાયેલ છે. આ થોડી પૂર્વાપર બાબત એટલા માટે કે તે સમયે જ્ઞાતિવાદ ઘણો રૂઢિચુસ્ત હતો.નાગર જ્ઞાતિમાં એક વર્ગ નરસિંહની ભક્તિને એક 'લીલા' તરીકે પણ વગોવતા.જ્યારે એક ચોક્કસ વર્ગ એવો પણ હશે જેને નરસિંહની આ વિદ્વત્તા પ્રત્યે અથાગ પ્રેમ અને વિશ્વાસ હશે. આ વર્ગ એ એમ વિચાર્યું હોય કે જ્યાં સુધી જ્ઞાતિનો સાથ સહકાર નહિં મળે ત્યાં સુધી નરસિંહનું આ તત્વજ્ઞાન માત્ર કુપમંડુકતા બની જશે. વિશ્વ આના અગાધ તત્વને જાણી નહી શકે. તેથી તેઓએ બાહ્યરીતે બહિષ્કાર શરૂ કર્યા જેથી આ બહિષ્કારના અગ્નિમાં તપીને નરસિંહ શ્રેષ્ઠ સુવર્ણ પૂરવાર થાય.નરસિંહ મહેતા માનવીને પ્રભુનો અંશ જ માનતા જેથી તેનામાં જ્ઞાતિવાદનો પ્રાદુર્ભાવ ન હતો. આથી હરિજનોને ત્યાં ભજન સંધ્યા કરતા વિરોધી જ્ઞાતિજનોએ ઉહાપોહ કર્યો,જ્યારે જે સમજદાર વર્ગ હતો તેણે વિરોધીઓનું પણ મન સચવાય અને નરસિંહનો ભક્તિ માર્ગ વધુ ઉચો જાય તે રીતે તેઓએ જ્ઞાતિ ભોજન ગોઠવી તેમાં નરસિંહને બહાર રાખવા ઠરાવ્યું અને આપણે વાંચ્યું છે તે મુજબ એ ભોજન સમારંભમાં બેઠેલા તમામ ઉતરતી જ્ઞાતિના લેબાસ અને શણગારવાળા દેખાવા લાગ્યા ત્યારે કોઈ ડાહયા માણસની સલાહ લઈ નરસિંહને રૂબરૂ નિમંત્રીત કર્યા અને જેવા નરસિંહ જ્ઞાતિભોજનમાં સાથે બેઠા તેવો ચમત્કાર થયો અને બધા પુનઃ હતા તેવા દેખાવા લાગ્યા,કદાચ દ્રષ્ટિ સાપેક્ષનો સિદ્ધાંત હોય તો પણ પ્રસંગ પછી નરસિંહ જ્ઞાતિજનો ઉપરાંત આજુબાજુના સમુદાયોમાં પણ આદર પામ્યા.

આવો જ એક બીજો મહત્વનો બનાવ રાજ્ય કક્ષાએ પૂરવાર થયો.નરસિંહનો માનીતો રાગ કેદાર ગીરવે મૂકાવી,ઈશ્વરને આવવા વિનંતી ન કરી શકે તેવી પરિસ્થિતિ ઉભી કરી. તે સમયના જૂનાગઢ રાજ્યના રાજા માંડલિકને ફરિયાદ કરી કે નરસિંહ ઢોંગી છે.જો ખરેખર તે સાચો હોય તો રાજ્યના બંદીખાનામાં પૂરાઇને દામોદરજીના કંઠની માળા પહેરી બતાવે. રા'માંડલિકે પ્રજા—જ્ઞાતિની આ માંગણી સંતોષવા નરસિંહને બંદીખાનામાં બેસાડી,પોતાની રાજમુદ્રા હારમાં ગોઠવી દામોદર લાલજીનાં કંઠમાં

પહેરાવ્યો.પ્રભાત થવાના છેલ્લા પ્રહર સુધી નરસિંહ ઈશ્વરને પોતાનો પ્રિય રાગ ગાઈને સહાય માટે વિનંતી ન કરી શકયા ત્યારે ઈશ્વરે ચમત્કારીક રીતે કેદાર રાગને ગીરવેથી મુક્ત કરી,નરસિંહને જાણ કરતાં નરસિંહે કેદારનું અનુસંધાન કર્યું અને દામોદરજીના કંઠનો હાર નરસિંહના ગળામાં આવીને પડયો. બસ હવે નરસિંહ મહેતાનો 'એસીડ ટેસ્ટ' પૂર્ણ થયો.જ્ઞાતિ તેમજ સમગ્ર રાજ્યમાં નરસિંહની બોલબાલા થઈ.તેના ભજનો ગાઇ લોકો ઉત્સવ મનાવતા થયા.

એક પણ ભગવું વસ્ત્ર ધારણ કર્યા વગર સંતની પરમપદવી પામેલ નરસિંહ મહેતા પૂર્ણપણે સંસારી સંત હતા. આમ જ્ઞાતિના ચોક્કસ વર્ગની દીર્ઘદ્રષ્ટિથી નરસિંહનું પદ રાજ્યની સીમાઓ વટાવી દેશ અને વિદેશ સુધી આદર પામતું ગયું. જ્ઞાતિએ તેને પૂર્ણ 'વૈષ્ણવજન'નું બિરૂદ આપ્યું ત્યારે નરસિંહે વૈષ્ણવજનની સાચી ગરિમા શું હોય તે તેના વિશ્વવિખ્યાત 'વૈષ્ણવજન તો તેને રે કહીએ'ના પદમાં લખી,માનવને પરમ પદ આપ્યું અને પાંચસો વર્ષ પછી આ જ પદને વણિક ગૃહસ્થ મોહનદાસ કરમચંદ ગાંધી જે પૂર્વાર્ધના કાયદાવિદ અને ઉત્તરાર્ધના વિશ્વ વંદનીય મહાત્મા ગાંધીનું બિરૂદ પામ્યા. તેણે તેના જીવનનો મંત્ર બનાવી,વિશ્વના 'ભક્તિ ગીત' તરીકે પૂરવાર કર્યું.

ઈશ્વરની અસીમ કૃપા,નરસિંહની શ્રદ્ધા,જ્ઞાતિનો આડકતરો સહકાર અને મહાત્મા ગાંધીના જીવનમંત્રથી નરસિંહ ખુદ એક ઈશ્વર તરીકે વંદનીય બની ગયા.

આ લેખ દ્વારા નરસિંહ મહેતા વિશે રાબેતા મુજબ થતી તત્વજ્ઞ તરીકેની સમીક્ષા અને નરસિંહ મહેતા વિશે અપાતા અભિપ્રાયો,સમીક્ષાઓ સાથે મારે વિદ્વાનોને એટલી જ વિનંતી કે હજુ વિશેષ સંશોધન કરે અથવા થયું હોય તો જણાવે..કારણ કે જેમ એડીનબર્ગે 'ગાંધી' ફિલ્મમાં આઈનસ્ટાઇનનું પ્રથમ વાકય મૂક્યું છે કે 'આજથી સો વર્ષ પછી ગાંધી વિશે કોઈ માનશે કે નહીં કે હાડમાંસનો બનેલો આવો પણ માનવી હોઈ શકે'તે જ ઊક્તિ નરસિંહ માટે પણ થાય કે ખરેખર નરસિંહે જે જોયું તેવું ઈશ્વરીય તત્વનું અસ્તિત્વ છે?

## બાળ વયના સ્કેટીંગ માસ્ટર ખ્વાબ અંતાણી



તાજેતરમાં અમદાવાદ ખાતે રોલર સ્કેટીંગ ફેડરેશન ઓફ ઇન્ડીયાના ઉપક્રમે યોજાયેલ ૪૧મી રોલર સ્કેટીંગ ચેમ્પિયનશીપ યોજાય ગઇ.જેમાં રાજકોટના ચિ.ખ્વાબ અંતાણી સબ જુનિયર કેટેગેરીમાં સ્પીડ સ્કેટીંગની અલગ અલગ ઈવેન્ટસમાં બે સીલ્વર તેમજ એક બ્રોન્ઝ મેડલ મેળવી રાજ્ય કક્ષાએ વિજેતા બન્યા. ડીસેમ્બર માસમાં દિલ્હી ખાતે નેશનલ ચેમ્પિયનશીપ માટે ગુજરાત રાજ્ય તરફથી પસંદગી પામ્યા.નેશનલ લેવલે ગુજરાતનું પ્રતિનિધીત્વ કરનાર ખ્વાબ પ્રથમ છે.માત્ર અઢી વર્ષની વયે સ્કેટીંગની દુનિયામાં પગ મૂકનાર ચિ. ખ્વાબે સ્કેટીંગની તાલીમ રાજકોટના પૂજા હોબી સેન્ટર ખાતે મેળવી.તેમણે સ્કેટીંગ ડાન્સ, સ્કેટીંગ યોગા તેમજ આર્ટ સ્ટીક અને સ્પીડ સ્કેટીંગની જુદી જુદી સ્કેટીંગમાં અનેક વખત નેશનલ તેમજ ઈન્ટરનેશનલ સ્તર પર વિજેતા રહી ચૂકેલ છે.હાલમાં રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાની વિશેષ તાલીમ અમદાવાદ ખાતે રાઈઝીંગ સ્ટાર એકડેમીમાં લઈ રહયા છે.અભિનંદન..વાલીઓને પણ..સરકતા રાખો!

ચિ. ખ્વાબ રચિત અને શ્વેતા અંતાણીના પુત્ર તથા કિરીટભાઇ અને કિશોરીબેન અંતાણીના પૌત્ર છે.

## તવારિખ–એ–નરસિંહ મહેતા :
## પ્રાસંગિક હરોળ સહ વંશાવળી/સાલવારી

–અરવિંદ વિ.અવાશિયા, ગોંડલ–મો.૯૪૨૭૭૨૧૯૭૪

ગુજરાતની નાગરી(શહેરી)અસ્મિતાના મંત્રમૂર્તિ સમાન,શિષ્ટ હિન્દુ ધર્મની આધ્યાત્મિકતાના ધરોહર અને મધ્યકાલીન ભકિત ચળવળના સન્નિષ્ઠ પ્રચારક એવા ભકત શિરોમણી નરસિંહ મહેતાની વંશાવળી અને જીવન–કવની જાણીએ અને તેઓશ્રીને સ્મરીને સ્મૃતિપુષ્પ અર્પણ કરીએ.

૧. પૂર્વ ઈતિહાસ : પ્રથમ પેઢી તરીકે મુળ પુરૂષ ભાણજી પંડયા ગણાય છે.તત્કાલિન ગુજરાત પ્રદેશના પાટનગર વૃધ્ધપુરી (વડનગર)માં કર્મકાંડ નિષ્ણાંત નાગર અગ્રણી તરીકે તેઓએ પ્રખ્યાતી મેળવી હતી, પરંતુ વિ.સં.૧૩૦૫(ઇ.સ.૧૨૪૯)માં હિન્દુ રાજ્ય વ્યવસ્થાનું પતન થઈ મુસલમાન સત્તા પલટો થતાં પોતાના સ્વધર્મ કર્મને હાનિ થવાની ભીતિથી નાગર પરિવારોએ સલામત જગ્યાનું સ્થળાંતર શરૂ કર્યું તેમાં ભાણજી પંડયા કાઠીયાવાડમાં હિન્દુ રાજા નાગાર્જુનના પાટનગર તુળજાપુરી (તળાજા)માં વિ.સં. ૧૩૬૦(ઇ.સ.૧૩૦૪)રાજ્યાશ્રય મેળવ્યો.



પોતાના આશ્રયદાતા રાજાની અપુત્ર અવસ્થા દૂર કરવા ભાણજી પંડયાએ પુત્રેષ્ઠિ યજ્ઞ વેદોકત વીધિથી કરાવતાં રાજાને ત્યાં પુત્ર જન્મ થતાં જમીન જાગીર અને માન મરતબો મળ્યો.(મહાદેવપુરા–ઈશ્વરીયા) ગામો મળ્યાં.

બીજી પેઢી : ભાણજી પંડયાના પુત્ર ગદાધર પંડયાએ શરૂઆતના બારેક વર્ષો રાજકારણમાં વીતાવ્યાં અને નજીકના ત્રાપજ ગામના રાજપુત્ર સુરાના કારભારી તરીકે રહયા પણ તેમની પસંદગી વ્યાપારિક વ્યવસાયની હોઇ તેમાં જોડાયા ને તેમની પેઢીના દેશ પરદેશમાં વહાણો ફરતા કર્યા. તેમના લગ્ન તળાજામાં મનસુખ દેસાઈની પુત્રી પવિત્ર સાધ્વી ગોમતીબાઇ સાથે થયાં અને તેમના છ પુત્રો પૈકી નાનો પુત્ર પુરૂષોત્તમ માત્ર એક જ જીવીત રહયા.

ત્રીજી પેઢી : પુરૂષોત્તમ મહેતા : તેમણે ખાનદાની સાંસારિક જીવનકાળ વ્યતિત કર્યો અને દ્વારકાધીશ શ્રી રણછોડરાયના પરમ ભકત બની રહયા. તેમને બે પુત્રોમાં મોટા કૃષ્ણ દામોદર અને નાના પુત્ર પર્વતદાસ થયા.

આ સમયમાં કોઈપણ કારણસર મહેતા પરિવારનું તળાજાથી ફરી સ્થળાંતર થયું અને સોરઠના જૂનાગઢ–મંગલપુર(હાલનું માંગરોળ)માં વસ્યા.

ચોથી પેઢી : કૃષ્ણ દામોદર મહેતા : તેમનો જન્મ તળાજામાં થયેલ પરંતુ તેઓએ સ્થળાંતર કર્યું અને ભાઇ પરબત સાથે જૂનાગઢ–માંગરોળમાં નિવાસી થયા ત્યારે રાજ્ય સેવામાં સિપેહ સાલાર તરીકે કામ કરતા વંથલી પાસેના એક યુધ્ધમાં શહીદ બની ગયા.તેમનાં લગ્ન તળાજાના દયા કૌર સાથે થયાં હતાં અને તેમને બે પુત્રો થયા.એક બંસીધર અને બીજા નરસિંહ. નરસિંહના જન્મ બાદ સંવત ૧૪૬૯માં (ઇ.સ.૧૪૧૩)માં અવસાન થયું ત્યારે નરસિંહની ઉંમર ચારેક વર્ષની હતી.

પર્વતદાસ મહેતા : તેમનો પણ જન્મ તળાજામાં થયેલ. તેમના લગ્ન તળાજામાં થયાં.પત્નીનું નામ મધુમાલતી હતું,તેમણે ભક્તિમય ગૃહસ્થ જીવન પસંદ કર્યું.તેમના સંતાનો વિશે મતભેદ છે.કોઈ તેમને નિઃસંતાન હતા તેમ ગણાવે છે તો કોઈ જગ્યાએ તેમને નરબત,હરિદાસ અને રામ ત્રણ પુત્રો હતા તેમ ગણાવે છે. તેમના ભકતજીવનની પરાકાષ્ઠામાં તેમને ત્યાં (માંગરોળમાં) ગોમતીવાવમાં સંવત ૧૫૦૧ શ્રી રણછોડરાયજી(દ્વારકાધીશ)નું સ્વરૂપ પ્રાગટ્ય ગણી શકાય છે.આ પ્રસંગે કિર્તનોત્સવમાં ભકત ભત્રીજા નરસૈયાને પાણીની તરસ લાગતાં 'હરિને ન વિસારે તેને હરિ ન વિસારે'એ ન્યાયે ભગવાને મોહિની સ્વરૂપે પાણીની ઝારી ભરી,તૃષા છીપાવ્યાનો પ્રસંગ નોંધનીય ગણાયો છે. કાકા તરીકે ભત્રીજાની સંભાળ અર્થે પોતાના ભાઈ ભાભી(કૃષ્ણ દામોદરના અવસાન બાદ જૂનાગઢ જઈ આવી સંભાળ પણ લેતા અને નરસિંહ સાથે માંગરોળથી દ્વારકાધીશનો પ્રવાસ કરેલ.તેમાં 'નેસ'ના પ્રસંગથી ભગવાનની અનુભૂતિનો પરચો અનુભવેલ હતો.

પાંચમી પેઢી : બંસીધર મહેતા : નરસિંહના ભાઈ ભાભી વિષે બહુ સ્પષ્ટ ઉલ્લેખો મળતા નથી છતાં જૂનાગઢ રાજ્યમાં સારી કક્ષામાં કામ કરતા હતા અને જ્ઞાતિમાં અગ્રણી,સ્વાભાવિક રીતે ગણાતા હતા. તેમના પત્નીનું નામ ઝવેર હોવાનું ગણાય છે અને પત્નીનું ચલણ ઘર વ્યવહારમાં વધારે હોય તેવી શકયતા નરસિંહને 'મેણુ' મારતી 'ભાભી'ના કારણથી સમાજમાં વગોવણી થયેલી હતી.જો કે નરસિંહે તો ઈશ્વર મિલનના નિમિત્ત ભાભીને ગણાવેલ છે.નરસિંહના ભાઈ તરીકે બંસીધરનું એક અન્ય નામ મંગળજી હોવાનું કહેવાય છે.પણ નરસિંહને 'કૃષ્ણ દર્શન'થતાં ભાઈ ભાભી તેમનો મહિમા કરે છે.

નરસિંહ મહેતા : કૃષ્ણ દામોદરના પુત્ર નરસિંહનો જન્મ સંવત ૧૪૬૫(ઇ.સ.૧૪૦૯)ના વૈશાખી પૂર્ણિમાના થયાનું કહેવાય છે. કૃષ્ણ દામોદર અને પર્વતદાસ પોતાના પરિવારને થોડો સમય તળાજામાં રાખીને દેશકાળ મુજબ સ્થાનાંતરીત થઇ જૂનાગઢ–માંગરોળમાં બંધબેસતા વ્યવસાયમાં જોડાયા હતા.

(૨) નરસિંહ મહેતા : તેમના પૂર્વ જન્મની ઘટના પ્રસિદ્ધ છે જે મુજબ તેઓ રાજા મુચકુંદનો અવતાર હતા તેમ ગણાયું છે. જૂનાગઢમાં ગિરિ તળેટીમાં દામોદર કુંડ પાસે હાલ મુચકુંદની ગુફામાં,રાજાને મહાભારતના સમયે શ્રીકૃષ્ણ દર્શન થયાં હતાં.કૃષ્ણે મુચકુંદને વરદાન આપેલ કે હે રાજન! તમે હવે પછીના જન્મમાં બધા જીવોના હિતકારી બ્રાહ્મણ શ્રેષ્ઠ બની એકમાત્ર મને પ્રાપ્ત કરશો!

બાળપણ : એક કાવ્ય પંક્તિ મુજબ 'જનમિયાં જડ જેવાં રે,મુખે નહી બોલતા હોજી,મોટી ચિંતા માતાને થાય એની ના રડે,ના હસે રે,ચેષ્ટા કાંઇ ન કરે'હોય જેવો જડભરતનો અવતાર હોજી. 'જનમના જોગી'જેવો આ બાળક યજ્ઞોપવિત આપવાની વય સુધી (સંવત ૧૪૭૨)મુંગો હોતાં,ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કેમ કરશે? તે પ્રશ્નને તે વખતે અચાનક આવેલ સાધુ ગોવિંદદાસે બટુકે નમન કરતાં રાધે ગોવિંદ બોલાવતાં વાણીના બંધન તૂટી પડયાં ને જાણે કે ભક્તિરસના ભાવી વલણની દિશા જાણે કે ખૂલી!

લગ્ન : જૂનાગઢ પાસેના મજેવડી ગામના રઘુનાથજીના પુત્રી માણેકબાઇ સાથે સંવત ૧૪૮૨ (ઇ.સ.૧૪૨૬)ના થયાં હતાં.લગ્ન બાદ તેઓ તળાજા પરત ફરેલ હતા.માણેકબાઇના સીમંતના પ્રસંગ પછી સંવત ૧૪૮૭(ઇ.સ.૧૪૩૧)માં તેના સાસુમા દયા કૌરનું અવસાન થયું.

ગૃહત્યાગ : સ્વભાવથી અલગારી નરસિંહને જૂનાગઢમાં મોટા ભાઇ ભાભી સાથે ગૃહકંકાશને કારણે રહેવાનું કઠણ થતાં શાંતિ અર્થે ગિરનારની ગિરિમાળામાં જંગલમાં જતા અપૂજ મહાદેવ (ઈન્દ્રેશ્વર)ના લીંગની પૂજા કરતાં સમુદ્ર કાંઠે તળાજા પાસે સ્થિત ગોપનાથ જવાનો અગમ નિર્દેશ મળ્યો અને સંવત ૧૪૯૫ (ઇ.સ.૧૪૩૯)ચૈત્ર સુદ સાતમે તપપ્રયાણ અર્થે ગમન કરવા ગૃહત્યાગ કર્યો.આ જયંતી ઘણા નગરોમાં આજે પણ ઉજવાય છે.)

વૈંકુંઠ દર્શન : ગોપનાથ મહાદેવની કઠોર તપસ્યાને અંતે શિવજી પ્રસન્ન થયા અને 'સોળ સહસ્ત્ર ગોપી સંગ રમતા રાસ દેખાડયો વૈંકુંઠનાથ!' હાથમાં મશાલ પ્રકટાવી(હાથ બળ્યાનું ભાન નથી!) તેના પ્રકાશથી દિવ્ય 'રાસલીલા'ના દર્શન કર્યાં.તે ધન્ય દિવસ ચૈત્ર સુદ ચૌદસ સંવત ૧૪૯૫.

સંતાનો : સંવત ૧૪૮૬ માગસર સુદ ૧૧ પુત્ર શામળનો જન્મ થયો.પુત્રી કુંવરબાઇનો જન્મ સંવત ૧૪૮૮માં નોંધાયો ગણાય છે.૧૪૯૫માં શામળને જનોઇ અપાયું. અને તેનો વિવાહ સંવત ૧૫૦૧ મહાસુદ સાતમના કોડીનાર પાસેના વડનગરના મદન મહેતાની પુત્રી સુરસેના(જૂઠીબાઇ)સાથે થયો.પણ પુત્રનું નિધન સંવત ૧૫૦૩માં ભરયુવાનીમાં થયું.

કુંવરબાઇના લગ્ન સંવત ૧૫૦૪માં ઉના ખાતે ઓઝા પરિવારમાં થયાં.સંવત ૧૫૦૫માં(મહા સુદ–૫)કુંવરબાઇના સીમંત પ્રસંગે ભગવાને મામેરૂં પૂરેલ હતું. કુંવરબાઇના પુત્રીનું નામ શર્મિષ્ઠા હતું.. તેને બે પુત્રી..મોટી નામે શશી(તાના) અને નાની સરસ્વતી(રીરી) જેઓ સંગીત–નૃત્યમાં પ્રવીણ હતી.જે વારસો મહેતાજી તરફથી વંશપરંપરાગત મળ્યો લાગે છે, કે જેમણે શહેનશાહ અકબરના સંગીત સમ્રાટ તાનસેને ગાયેલ દિપક રાગથી થયેલી જલન આ બહેનોએ મેઘ મલ્હાર રાગ ગાઇને શમાવી આપેલ.આ તાના–રીરીની ડેરી સ્મૃતિરૂપે આજે પણ વડનગરમાં ઐતિહાસીક યાદ સાથે ખડી છે.

હુંડી : દ્વારકા જતા મુસાફર યાત્રીઓ જૂનાગઢમાં હુંડી મેળવવા ભટકતા હતા તેમની મશ્કરી કરતાં કોઇએ નરસિંહનું ઘર ચીંધતાં યાત્રાળુઓ ત્યાં પ્રહોંચ્યા અને વિનંતી કરતાં મહેતાજીએ રૂપિયા સાતસો સ્વીકારી યાત્રાળુઓની ભીડ ભાંગવા સંવત ૧૫૦૨ પોષ વદ બીજે શામળીયાના નામે હુંડી લખી આપી, જે ઈશ્વરે શામળશા શેઠ બની હુંડી સ્વીકારી તે દિવસ પોષ વદ અમાસનો ગણાયો છે.

પિતાશ્રીનું શ્રાધ્ધ : સંવત ૧૫૦૪ કારતક સુદ સાતમના દિવસે પિતૃ તર્પણ કરવા તૈયાર થયા અને ઘી–સામગ્રી ખરીદવા નીકળેલ. પણ સત્સંગમાં બેસી જતાં ભજન સમાધિમાં બધુંજ ચૂકાઇ જતાં, ભગવાને ભક્તનું સ્વરૂપ ધારણ કરી કારજ પૂર્ણ કરી ભક્તની મર્યાદા જાળવી હતી.

માણેકમેતીની વિદાય : ચૈત્ર સુદ–૯(રામનવમી) સંવત ૧૫૦૫માં નરસિંહનાં પત્ની સ્વર્ગે સંચર્યા અને નરસિંહે કહયું કે 'ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજશું શ્રી ગોપાળ.'આ તેમની સાંસારિક નિર્મોહ અને ઈશ્વરી લીલાની પ્રબળતા સમજ છે.

હારમાળા : ઈર્ષ્યા,આંતરિક ખટપટ,સત્સંગ અને ભક્તિની જીતથી ગેરસમજણની વાતોથી રાજા મંડલીક ભ્રમિત થયા અને આદેશ કર્યો કે દામોદરરાયની મૂર્તિના ગળામાં પહેરાવેલ હાર તેના (નરસિંહના)કંઠે,આરોપાય તો ભક્તિ ખરી,નહિતર શિરચ્છેદ થશે. અનન્ય ભક્તિ,અતૂટ–અખૂટ શ્રદ્ધાથી

નરસિંહ કસોટી તરી ગયા અને ભગવાને સંવત ૧૫૧૨ માગસર સુદ–૭ (ઇ.સ.૧૪૫૬)ના કેદારો રાગ સાંભળીને માળા અર્પણ કરી. કેદારો રાગ પૂર્વે નાના ગોપનાથના મેળામાંથી નરસિંહ પરત ફરતા હતા ત્યારે તળાજામાં સોમચંદ વણિકને મદદ કરવા અર્થે પ્રિય રાગ કેદાર સંવત ૧૫૧૧માં ગીરવે મૂકેલ હતો જેને ઈશ્વરે છોડાવી,ગીરોખત હારમાળા પ્રસંગે નરસિંહને પહોંચાડેલ હતો.

ભક્તિ મેળાઓ : સંવત ૧૫૧૨થી ૧૫૪૪ સુધી નરસિંહે ભકિતમેળામાં પ્રેમલક્ષણા ભકિતના સત્સંગ અને ભજન–કિર્તન–આખ્યાનમાં વિતાવીને ભક્તિયોગને ચરિતાર્થ કરેલ હતો.

મહાપ્રયાણ : સંવત ૧૫૪૪ શ્રાવણ વદ–૮(ગોકુળઅષ્ઠમી)ની મધરાત બાદ (ઇ.સ. ૧૪૮૮) પારણાનોમના પ્રાતઃકાળે માંગરોળથી વૈંકુઠગમન કર્યું અને જૂનાગઢના નરસિંહ ચોરામાં ડોલરફુલના ઢગલા થી ચોમેર ભક્ત શિરોમણી અને કવિ શિરોમણીની સુગંધ ફેલાવી ત્યારે નરસિંહની વય ૭૯ વર્ષની હતી.

જય હો શામળિયા ઠાકોરની! જય હો ભક્ત નરસૈયાની!!

સૌજન્ય સાભાર : નરસિંહ મહેતાના જીવન સંસ્મરણો–સંપાદક મુ.વ.સ્વ.બાપુભાઇ જાદવરાય વૈષ્ણવ,– ન.મે.ચોરા સમિતિ,જૂનાગઢ દ્વારા પ્રકાશિત–(સાતમી આવૃત્તિ)
શ્રી ચંદ્રકુમાર એલ.અંતાણી–ડે.સુપ્રિ.ઓફ પોલીસ(નિવૃત્ત)ગુજરાત રાજ્ય–અમદાવાદ.

---

## MLA

અમારી કારને ડાબેથી ઓવરટેક કરી જોરથી હોર્ન વગાડતી એ વૈભવી કાર આગળ ધસી ગઈ.રેલ્વેનાં હમણા ખૂલેલાં ફાટક પર સ્કૂટરવાળાઓને ગાળો આપતી આગળ નીકળી. સ્હેજ આગળ જતાં તેણે કારનું બારણું ખોલી પિચકારી મારતાં અમારી કાર સાથે અથડાતાં રહી ગઈ.ટોલબુથ આવતાં બીજી કારોને ઓવરટેક કરી ધરાર વચ્ચે ઘુસી ઉભો રહયો. સહેજ આગળ એક બસને ઓવરટેક કરી રસ્તાની નીચે ઉતરી તેની આગળ આંતરી ઉભો રહયો.બસના ડ્રાઇવરને ગાળ આપતાં કહે,"હું કોણ છું ખબર છે? નહીનો એમએલએ."

આગળ ટ્રાફિકજામમાં રસ્તો મળતાં હું સ્પીડ લઉ ત્યાં એ કાર કર્કશ અવાજે હોર્ન વગાડતી ડાબેથી અમારી સાથે અથડાઇ. નુકશાન અમને થયેલું છતાં આગળ ઉભાડી મારવા લાગ્યા.હું કાંઈક કહેવા ગયો.મને અંદરથી ઈશારો થતાં હું ચૂપ રહયો.તેને આગળ જવા દીધો.

કલાક પછી મુકામ આવતાં મેં કારનો દરવાજો ખોલીને સ્વામિનારાયણ સંતશ્રીને ઉતાર્યા.મોટો સમારોહ હતો. યજમાન એમએલએ.હાથ જાડતા બહાર આવ્યા..પેલી કાર વાળા.

સ્વામિજીએ હાથ ઉંચો કરી આશિષ આપતાં કહયું.

'મલિનતા,લજ્જાહીનતા, અહંકાર –એમએલએ.થી તમે મુક્ત થાઓ.'

સુનીલ અંજારીયા–અમદાવાદ.
મો.૯૮૨૫૧૦૫૪૬૬

## ડિજીટલ બેંકીગ : વડીલો માટે વિશેષ ઉપયોગી માહિતી

– મુકેશ જી. રીડાણી,જામખંભાળીયા.મો.૯૯૨૫૬૭૮૦૨૪

પિતાતૂલ્ય નિવૃત્તીની સાથે સામાજીક પ્રવૃત્તિ કરતા સર્વે વડીલો..આપ જૂના યુગમાં સાચું ભણ્યા અને ગણ્યા છો તો આપ ટેકનોલોજીથી ગભરાશો નહિં.પગે ચાલવાથી,સાયકલ,મોપેડ,સ્કૂટર,મોટર તેવી જ રીતે રેડિયો માંથી ટેપ,વી.સી.આર.,ટીવી,મોબાઈલ,ટેબલેટ,લેપટોપ વાપરતા વડીલો બેંકની ડિજીટલ સેવાઓ જેવી કે SBI QUICK,YONO SBI,SWAYAM પાસબુક પ્રિન્ટ,ચેક ડીપોઝીટ,નેટ બેંકીગ,જીસીસી, સીડીએમ. મશીન વગેરે વાપરતા થઈ જાઓ.એકબીજા નિવૃત્ત શિક્ષકો બીજા ખાસ નિવૃત્તને શીખવે. વિદ્યાર્થી બનવાની કોઈ ઉંમર નથી હોતી.શિક્ષકોએ ભણાવ્યા તેવા તમામ વિદ્યાર્થીઓ દિકરા દીકરી પાસેથી 'એસબીઆઇની યોનો એપ' કે 'એસબીઆઇ ક્વીક' શીખવાની કોશીષ કરો, બેંકીગ તમારા માટે સહજ બની જશે.

એક સમયે ATM કઢાવી ઘરે રાખતા.હવે તો બ્રાન્ચમાંથી GCC મશીન દ્વારા લાઈનમાં કલાકો સુધી ઉભા રહેવાની ઝંઝટ કરતાં ATM કાર્ડથી બેંકની બ્રાંચમાં કોઇ ચેક વીથડ્રો ફોર્મ ભરવાની ઝંઝટ વગર તુરંત ફક્ત ATM થી GCC મશીન દ્વારા વીસ હજાર સુધી રકમ ફક્ત એક જ મિનિટમાં રકમ ઉપાડી શકો છો.. ATM થી ખાતામાં રૂપિયા જમા પણ કરી શકો છો. ATM/GCC સુવિધા, સુરક્ષા અને સમય બચાવવાનું કાર્ય કરે છે. તેથી શીખવાની કોશીષ કરો અને ATM અપનાવવાની હિંમત કરો.

આ દરેક એપ.ના નીચે મુજબના અનેક ફાયદા છે...

- SBI QUICK ગુગલ પ્લેસ્ટોરમાંથી ડાઉનલોડ કરો, 7208933148 નંબર ઉપર એક મેસેજ કરો ત્યારબાદ તમે મીસકોલ કરતાં બેલેન્સ મીની સ્ટેટમેન્ટ તમારા મોબાઈલમાં જ આવી જશે.જેથી બેલેન્સ પૂછવા જવાની કે પેન્શન જમા થયું કે નહિ તેની તપાસ માટે બેંકે ધક્કા ખાવાની જરૂર જ નહિ પડે.
- YONO APP.થી ચેકબુક તથા ATMની અરજી,ખાતાનું બેલેન્સ,સ્ટેટમેન્ટ,લાઈટબીલ,મોબાઇલ રીચાર્જ,થર્ડ પાર્ટીના ખાતામાં રકમ ટ્રાન્સફર કરી શકો છો તથા ATM થી બે વખત રૂા. ૨૦ હજાર સુધી ઉપાડી પણ શકાય છે.
- SWAYAM પાસબુક પ્રીન્ટનો ઉપયોગ કરો.બ્રાંચમાં પાસબુક છપાવવા લાઈનમાં ઉભવાની જરૂર નહિ પડે. સ્વયમ પ્રીન્ટ મશીન ૨૪ કલાક ચાલુ જ હોય છે.સવારે મોર્નિંગ વોકમાં નીકળો ત્યારે પણ છાપી શકો છો.

વીથડ્રોલ ફોર્મને બદલે ચેકબુક કઢાવો કારણ કે ભારતના ગમે તે ગામ–શહેરમાંથી ચેકબુક દ્વારા રૂા. ૫૦ હજાર સુધીની રકમ તમે પોતે એસ.બી.આઇ.બ્રાંચમાંથી ઉપાડી શકો છો.ચેકબુકની આ સુવિધા યાત્રા પ્રવાસ કે આકસ્મિક માંદગી વખતે ઘણી ઉપયોગી બનશે.ચેકબુક હશે તો ઘરની કોઈપણ વ્યકિત ને ચેકમાં સહી કરી આપશો તો ગમે ત્યારે પૈસા ઉપાડી શકશો.

- SBI પેન્શનરોનું હીત જુએ છે,પેન્શનરોને કોઈ આકસ્મિક ખર્ચા,બાળકોના અભ્યાસ,લગ્ન,મકાનના રીનોવેશન માટે જરૂર પડે તો પેન્શન લોન પણ આપે છે,માટે SBI ની પેન્શન લોનનો પણ લાભ લેશો.

ATM ની બાજુમાં કેશ ડીપોઝીટ મશીન હોય છે તેમાં ૪૯ હજાર રૂપિયા ફક્ત મોબાઇલ નંબરના આધારે જમા પણ કરી શકો છો. જે GCC કાર્ડ દ્વારા પણ જમા કરી શકો છો.

— હયાતીના દાખલા માટે બેંકમાં જવાની જરૂર નથી તે માટે ગમે ત્યાંથી 'જીવન પ્રણમ પોર્ટલ'નો ઉપયોગ કરી શકો છો.

**ABM TRAVELS**

Since Foreign travel destinations are yet to open for tourists and flights are also not fully operational, you have good opportunity to visit our own "Apna Desh Dekho, Gumo, haro faro maja Karo" during diwali festival holidays places-Leh Ladakh (most sought after this season) Kashmir, Kerala, Lakshadweep, Kanyakumari,Andaman,Pondicherry, Mahabalipuram, Coorg Kabini,Ooty, Shimla Manali, Delhousie, Dharmshala, Nainital, Rishikesh Mussoorie Corbet, Darjeeling, Gangtok and many more.

Young and enthusiastik travellers can explore new destination like Assam Meghalaya, Arunachal Pradesh,Tripura,Manipur,Meghalaya and Nagaland, Wild Life Centure,National Parks, Cruise.

હવે રાહ જોવાની જરૂર નથી..નિર્ણય તમારો સજ્જતા અમારી... ચાલો જલ્દી તૈયાર થઈ જાવ અને નીકળી પડો દેશના પ્રવાસે !

**If anyone still intersted to travel in foreign countries than Nepal,Dubai,Maldives and Thailand are open with some restrictions.**

**Contact : abmtravels@gmail.com**
**09820817318**



નેતા : 'કેમ, વિદેશથી આવેલા મહેમાન સાથે હું વાટાઘાટ કરવા લાગ્યો તેમાં કોઈ ગોટાળો થઈ ગયો...?

સેક્રેટરી : 'અરે સાહેબ, આપણે ત્યાં પધારેલા મિત્ર–દેશના વડા તો ત્યાં હજુ બારણામાં ઉભા છે. આપ જેમની સાથે માન મરતબાથી ચર્ચા કરી રહયા છો એ તો એમની સાથે આવેલા દુભાષિયા છે!' —કાર્ટૂનિસ્ટ : રમેશ બૂચ, મુંબઈ

**શું તમે...?**



**–મકાનનું રીનોવેશન કરાવવા માંગો છો ?**

**–વોટરપ્રુફીંગ કરાવવું છે? કે...**

**–મકાન કે ઓફીસમાં કલરકામ કરાવવા ઈચ્છો છો?....તો–**

**આકર્ષક અને ટકાઉ કામની અમારી ગેરંટી અને બજારભાવ કરતાં વ્યાજબી ભાવની કાયમી ખાત્રી રાખી બધું જ અમારા ઉપર છોડો...**

**ફોન કરો : જયેશ વસાવડા**
**નિર્મળ કલર (અમેરીકન કલર)**
**મો. ૯૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭**

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫**

BOOK POST

*Welcome - 2022*

*Happy New Year*

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩